**णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स**

**आयओ गुरुबहु माणो**

# સમર્પણ ધારા

## શાસન સંવેદના

પ્રિયમ્

= અવતરણમ્ =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૮

07.10.2021

# FEELINGS જિનશાસન-19

રાજસ્થાનનું એક નગર નામ હતું કામળગઢ, નામમાં એક જ ગઢ આવે પણ એ ગામની અંદર નવ ગઢ હતા, નવ કિલ્લા હતા, એક પછી એક કિલ્લા પસાર કરતા જવ, નવ કિલ્લા પસાર થાય, પછી નગરનો વિસ્તાર આવે. આ નગરની અંદર, 390 જિનાલયો હતા, આ નગરની અંદર, દરેક જિનાલયમાં સંધ્યાની આરતી નો સમય એક જ હતો, અને આરતી ના સમયે આ નગરની અંદર એક સાથે નવસો નવ્વાણું ઝાલરોનો અવાજ આવતો. એ કામળગઢની જાહોજલાલી હતી, હજારો જૈનો ત્યાં રહેતા હતા, આરાધનાઓ કરતા હતા, ચોમાસાઓ કરતા હતા, મહાત્માઓ જિનવાણી વરસાવતા હતા, લોકો ભીંજાતા હતા, ભગવાનની અદ્ભુત ભક્તિ, જિનશાસનની અદ્ભુત આરાધના આ કામળગઢની અંદર થતી.

એક દિવસ મુસ્લિમો નું આક્રમણ આવ્યું છે. કિલ્લાને ઘેરી મુસ્લિમોની

સેના, યવનોની સેના ઉભી છે, સંઘ ચિંતિત થયો છે કે હવે કરવું શું ? શક્તિ નથી સ્થાનિક રાજાની કે એમની સામે યુદ્ધ લઈ-શકે. શક્તિ નથી સંઘની કે સૈન્યનો સામનો કરી શકે, એને ટાળી શકે, એને જાણી શકે, સામે આક્રમણ કરીને એમને હરાવી શકે. શક્તિ નથી એ સંઘની કે એ ૩૫૦-જિનાલયોને ક્યાંક ખસેડી શકે. મીટીંગ-બેઠી છે.. બેઠી છે.. બેઠી છે.. વિચારો-કરતા કરતા અડધી રાત થઈ, પોણી રાત-થઈ, આખી રાત થઈ, પણ કોઈ રીતે આ બધું બચાવવાનો ઉપાય મળતો નથી.

જિનશાસન આપણા સુધી કઈ રીતે પહોંચ્યું છે, કેવા કેવા સંકટો અને આક્ર-મણોનો સામનો ભુતકાળમાં આપણા પૂર્વજોએ કરવો પડ્યો હતો. કેટલા નુકશાનો વેઠ્યા છે. ચતુર્વિધ સંઘના સભ્યો એ હત્યાના ભોગ બનવું પડ્યું છે. તીર્થો ધરાશાયી થયા છે, જિનાલયો જમીન દોસ્ત થયા છે, પ્રતિમાઓ ખંડિત થઈ છે,

કેટકેટલા અત્યાચારોનો સામનો કરવો પડયો છે,
ને ભોગવ્યું ભોગવ્યું તો એ ભર્યું એ ન્યાયે-
જિનશાસન આપણા સુધી પહોંચ્યું છે. સંઘ
ચિંતામાં છે. બીજું કશું કરી શકીએ એમ નથી
પણ આપણા ૩૬૦ જિનાલયો, જેનું અદ્ભુત
નજરાણું કોઈ કહી શકાય, તો એ પંચધાતુના
વિશાળકાય પ્રતિમાઓ છે. બીજું કશું ના-
કરી શકીએ, આ પ્રતિમાજીઓ બચવા જોઈએ,
શ્રાવકો કામે લાગે છે. ગુપ્ત રીતે, એ
સૈન્ય આવી ક્યાંક છીંડું શોધીને એ બધી
પ્રતિમાજીઓને આબુ પર્વત ઉપર, જેના સૌથી
ઉંચા શિખર ઉપર, જેનું નામ અચલગઢ,
અને એ અચલગઢની અંદર, એ પ્રતિમાજીઓ-
ની પહોંચાડી દેવામાં આવે છે. આજે પણ એ
પ્રતિમાજીઓ અચલગઢ ઉપર છે, જેમનું વજન
છે ૧૪૪૪ મણ ! કહેવાય પંચધાતુની પણ
એમાં સોનું એટલું બધું નાખેલું છે કે ગમે
ત્યારે જુઓ, એ કદી કાળા ન પડયા હોય,
એમાં કાળાશ ન હોય, બસ ઝળહળતા હોય,
ચમકતા હોય, એવા એ પ્રતિમાજીઓ, મુળ-

એ કીમણગઢ ના પ્રતિમાજીઓ, આક્રમણ-
થઈ ને રહ્યું, કિલ્લાઓ તુટ્યા, નગર વેરાન-
વેરાન થયું, જિનાલયો ની જગ્યાએ, ખુણે-
ખંડેરો બચ્યા, પ્રતિમાજીઓના ભંજન થયા,
આપણે કેટલું ગુમાવ્યું છે. એનો આપણી-
પાસે હિસાબ ખરો ?

હવે અત્યારે જે બચ્યું છે એ કદી ગુમાવવું ન પડે, એના માટે,

## આપણી પાસે કોઈ PLANNING ખરું ?

મને કહેવા દો કે આજે પણ આ યવનોના આક્રમણો ચાલુ જ છે. આજે પણ જિનશાસન મંદિર સતત ને સતત તુટી રહ્યું છે. કેટલાક યવનો એ આકર્ષક, રૂપાળા પથ્થરો નું રૂપ લીધું છે. એનો વેષ લીધો છે કેટલાક યવનોએ, આકર્ષક વિષયો નું રૂપ લીધું છે કેટલાક યવનોએ EDUCATION નું રૂપ લીધું છે. કેટલાક યવનોએ અજ્ઞાનવાદ નું-

રેપ લીધું છે, કેટલાક યુવાનોએ પોતે MODERN બની જવા માટેની ઘેલછાઓનું રેપ લીધું છે, કેટલાક યુવાનોએ વિદેશ TRIP નું રેપ લીધું છે, કેટલાક યુવાનો એમણે OUT OF CITY ક્યાંક વસી જવું આનું રેપ લીધું છે. કેટલાક યુવાનો, એમણે નાસ્તિકતાના જપાટા સંઘને લાગે, એનું રેપ લીધેલું છે, કેટલાક યુવાનો, એમણે ~~આધુનિક~~ આધુનિક મોબાઈલ-જેવા સાધનોનું રેપ લીધું છે, કેટલાક-યુવાનો, એણે કષાયોનું, પ્રમાદોનું, નામનાનું BANNER નું, તાકાતનું, અહંકારનું, આ બધાનું રેપ લીધું છે.

નજર ની સામે જિનશાસન મંદિર બહુ ભયાનક રીતે, બહુ ખરાબ રીતે તુટી-રહ્યું છે, ફુટી રહ્યું છે, તોડફોડ સતત ને સતત ચાલુ છે. કળિકાળની એ કઠોર ઘટના એનું પુનરાવર્તન રોજે રોજ થયા કરે છે, ફરક એટલો છે, ત્યારનો સંઘ ઉજાગરા-કરતો હતો, અને આજનો સંઘ જે શાંતિથી

તુટી શકે છે. ત્યાં જે સંઘ લોહીના આંસુ વહાવતો હતો, આજે

આપણા મોઢે પરનું સ્મિત મરી શકતું નથી!

ત્યારનો સંઘ એણે જે જયે જે જગાવી લેવા- માટે, આકાશ પાતાળ એક કરી દીધા હતા, આજે કદાચ આપણા જ હાથે, આપણા- જિનશાસનના મંદિરનું ભંજન થઈ રહ્યું છે. આ ભંજન માં આપણો ROLE શું છે, આપણે શું કરી રહ્યા છીએ, મોબાઈલમાં માથુ નાખીને કલાકો વિતાવી રહ્યા છીએ, તો આપણે- સમજવાની જરૂર છે, કે હકીકતમાં આપણા- હાથે જ જિનશાસન મંદિર તુટી રહ્યું છે. એની અસ્મિતા તુટી રહી છે. કારણકે- છતી શક્તિએ, હડે કલેજે જોયા કરવું, એની રક્ષા ન કરવી, એની રક્ષામાં આપણા કર્તવ્યનો ભાવ ન હોય, આપણે એના રક્ષક ના બનીએ, તો સુક્ષ્મ દ્રષ્ટિએ એ ભંજનનું કર્તવ્ય હોય છે.

જ્યાં રઝળગમાં નિષ્ક્રિયતા છે, ત્યાં અપેક્ષાએ

મૈત્રમાં સક્રિયતા છે!

ક્રમણગઢ, એની મહોજલાલી, એ માહોલ, એ ચોમાસા, એ સંધ્યા સમયની આરતી, એ ઝાલરોનો રણકાર, એ હજુ કાનમાં ગુંજતો હોય એવું લાગે. હજુ બે-ત્રણ-દસકા પહેલાની સંઘની સ્થિતિ, એ મર્યાદા-એ લજ્જા, એ દેવ ગુરુ પ્રત્યેનો બહુમાન-એ [illegible], અને આજનું વાતાવરણ જોઈએ, કદાચ અનુષ્ઠાનો વધ્યા છે, પૈસા વધ્યા છે, પૈસાના સદ્વ્યયો પણ વધ્યા છે, લાગણીના સ્તરે બહુમાનના સ્તરે, ભક્તિના સ્તરે, બહુભાવના સ્તરે, વેષ મર્યાદાના સ્તરે, જીવન મર્યાદાના સ્તરે, સંઘ ઉત્તરોત્તર વધારે ને વધારે ખાડામાં ઉતરી રહ્યો હોય, એવું એક સત્રાંતર-દ્રશ્ય ચાલી રહ્યું છે. પહેલા એકાદ ઉપધાન માંડ થતા, લોકો ગોતતા ક્યાં ઉપધાન થાય.

છે. ક્યાં જગ્યા છે. હવે ઉપધાનના આયોજકો એટલા વધ્યા, કે તેઓ આરાધકોને ગોતી રહ્યા છે, કે આરાધક આપણને મળે, આપણને મળે, એક આરાધકની મુંઝવણ છે કે અહિંયા જવું, કે અહિંયા જવું, કે અહિંયા જવું કે, અહિંયા જવું, એક બાજુ આનંદ થાય એવું વાતાવરણ, આટલી બધી ધર્મ આરાધના, અને બીજુ બાજુ એ જ ઉપધાનના તપસ્વીઓ, એમને પ્રેરણા કરવામાં આવે, કે ભવઆલોચના કરવી જોઈએ, - વ્યાખ્યાનમાં રોજ કહેવાતું હોય, ભવ આલોચના કરે પણ ખરા, અને કદાચ વાંચતા-વાંચતા આલોચના વાંચનારા આચાર્ય ભગવંતો, એમની સામે સંઘનું સાચુ ચિત્ર સ્પષ્ટ થાય, કે

## સંઘ હકીકતમાં ક્યાં પહોંચ્યો છે !

નજરની સામે આખું ય જિનશાસન મંદિર, મોટા-મોટા BULLDOZERS ચારે બાજુથી એને ઘેરી વળ્યા છે, કામે લાગી ગયા છે,

અંદર કાંડી લગાવી દેવામાં આવી છે, એ ભડકે બળી રહ્યું છે, એ સતત તુટી રહ્યું છે, એ જમીન દોસ્ત થઈ રહ્યું છે. હું કહું છું કે કદાચ આપણી શક્તિ એટલી નથી કે બધા BULLDOZERS ને ઉપાડી ઉપાડીને ફેંગાવી દઈએ, આપણાથી બનતું પણ આપણે ન કરીએ, દંભ પણ ના હોય, અફસોસ પણ ના હોય, પછી પણ ના હોય, આપણે આપણા કામમાં વ્યસ્ત અને મસ્ત હોઈએ, તો આના જેવું પણ પાપ એક અપેક્ષાએ બીજું પણ કોઈ છે નહિ.

एतदेव महत्पापं धर्मस्थाने ऽप्युदासिता ।

જ્યાં કર્તવ્ય છે, જ્યાં ધર્મ છે, જ્યાં શાસનનું ત્રાણ છે, એના પ્રત્યે કોઈ દ્રષ્ટિ નથી, તટસ્થતા છે, ઉદાસીનતા છે. ચોવીસ કલાકના આપણા SCHEDULE માં શાસન રક્ષાની ચોવીસ SECOND સુદ્ધા નથી, તો સમજુ-લો આપણે શાસના સત્યો નથી, આપણે શાસનના ગદ્દાર છીએ. ભવાંતરમાં શાસન મળશે નહિ. ખુબ મનોમંથન કરજો, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

08.10.2021

# FEELINGS જિનશાસન-19

આચાર્ય ભગવંત દર વર્ષે વિશિષ્ટ દિવસોની અંદર સૂરીમંત્ર પીઠિકાની આરાધના કરે, સંયમી આચાર્ય ભગવંત, તપસ્વી આચાર્ય ભગવંત, વિશિષ્ટ પરિણતિ વાળા આચાર્ય ભગવંત, દર વર્ષે આરાધના કરે ને દર વર્ષે ચમત્કાર જેવું કંઈ ને કંઈ બને, વિશિષ્ટ-અનુભૂતિ, વિશિષ્ટ પરચો, વિશિષ્ટ પ્રભાવ, સૂરી મંત્રની પીઠિકાની, સૂરી મંત્રના જાપની, એમને અનુભવાય.

જો કે વર્ષે એ દિવસો આવ્યા, પિઠીકાઓ બેઠા છે, જાપ ચાલી રહ્યો છે પણ જાપમાં એવું મન નથી, એવો આનંદ નથી, આવતો દર વર્ષે જે પરચા, પ્રભાવ, ફળ-અનુભવાય, એમાંથી કશુ અનુભવાનુ નથી, એક અજંપા જેવું વાતાવરણ ચાલ્યા કરે છે, દિવસો પુરા થાય છે, પીઠિકા પુરી થઈ પણ પૂજ્યશ્રીને લાગે કે પીઠિકા સારી પણ નથી થઈ. અંગત એવા કોઈ સૂત્ર દ્વારા પૂજ્યશ્રીએ જાણવાનો પ્રયાસ કર્યો, કે આ વખતે ક્ષતિ શું-

હતી ?, સીધી સાદી કોઈ સાધના ન હતી, જિનશાસનની સર્વોત્કૃષ્ટ સાધના, એક અપેક્ષાએ કહી શકાય. અને દર વર્ષની અનુભૂતિ અને પ્રભાવ આ વર્ષે કેમ નહિ, એવી મારી કઈ ભુલ થઈ ગઈ કે જે બીજુ વાર મારે સુધારવી જોઈએ. પૂજ્યશ્રીએ એવા સુત્રો દ્વારા તપાસ-કરાવી, અને ખબર પડી, કે આ વખતની-પીઠિકામાં, જે ગોચરી પોતે વાપરતા હતા, એ ગોચરી શુદ્ધ ન હતી. શા માટે શુદ્ધ-ન હતી, કયા દોષ લાગ્યા હતા, મહાત્મા-બરાબર જોઈને લાવે છે. અને ત્યાં જવાબ મળ્યો, કે એ રસોઈ બનાવનાર, વહોરાવનાર, એ એવા અંતરાયના દિવસોમાં હતા, એવી ગોચરી વહોરવામાં આવી, અને એના કારણે આ વખતની સૂરીમંત્રની સાધના, એ નિષ્ફળ ગઈ. કોના હાથનુ ખાવુ, એના નિયમો પણ શ્રાદ્ધ ગુણ વિવરણ વગેરે ગ્રંથોમાં બતાડયા છે એક નવો પંથ છે જેનું નામ છે બ્રહ્માકુમારી-બીજુ નામ છે, ઓમ શાંતિ. એ લોકો નો-નિયમ છે કે, અમારી સસ્થાના MEMBER-

એ જ બની શકે કે જે શુધ્ધ આહાર વાપરે ને જે શુધ્ધ બ્રહ્મચારી હોય. જે ખુદ બ્રહ્મચારી છે એના જ હાથનું બનાવેલુ ખાવુ, એ એમની સંસ્થાનો બહુ મહત્વનો નિયમ છે. લાખ્ખો ની સંખ્યામાં એમના MEMBERS છે, અને આ નિયમ ને પાળે છે.

વિહાર કરતા .. કરતા ઉત્તર ગુજરાત-થી રાજસ્થાન તરફ અમે જઈ રહ્યા હતા, - વચ્ચે ગામો-ગામ આવે ને પ્રવચન કરીએ. ગુરુદેવની પણ ભાવના પ્રેરણા ને વચ્ચે જ્યાં સ્કુલ હોય ત્યાં પણ જાહેર પ્રવચન કરીએ. ગામની બહાર વાત કરી, બહુ નાનકડુ ગામડુ હતું. લગ્નની SEASON ચાલતી હતી, વાત મુકીને ગામ વાળા એ મને જવાબ આપ્યો કે, સાહેબ એમ સારુ છે કે અમને આપની વાણી મળે, પણ અમે નહિ લાભ લઈ શકીએ, આપની વાણીનો કારણકે અમારે ત્યાં લગ્ન છે. પછી નું વાક્ય એ ભાઈ એમ બોલ્યા કે, સાહેબ અમારે તમારા જેવું ના હોય.

એમના શબ્દો વધારે સ્પષ્ટ કરું. અમારે ત્યાં તમારા જેવું ના હોય. અમારે તો બધું જ અને બનાવવાનું. અને અને પીરસવાનું.

શાશ્વતી ઓળી ના દિવસો જ્યારે નજીક આવી રહ્યા છે, મારે તમને સવાલ-કરવો છે કે, તમારી ઓળી સફળ થશે કે નહિ ? તમારે કેવું આયંબિલ કરવું છે ? કેવી ઓળી કરવી છે ? ત્રણ હોશિયાર ના-ભોગ, જાણે આપણો સંઘ બનેલો છે,

## પહેલો હોય છે શોખાઈ !

આપણે કાંઈ બનાવવું નથી, આપણે કાંઈ-વીણવું નથી, આપણે પીરસવું નથી, આપણે શેઠ થઈને આયંબિલ કરવા બેસી જવું છે, જેને જે શેઠ થવા મળ્યા ને એને કહી શેઠ જેવું ભોજન મળે નહિ. અમારો વર્ષો નો અનુભવ કહું. એકદમ DOLLAR AREA હોય ત્યાં એમા બાજરા અને એની રોટલી,

બધુ આગાસીના ભરોસે મુકેલું હોય. ગોઠાગી
ભય નહિ એવી કહાય રોટલી હોય. ખાખરા-
બગારે તો જે હોય એ ચાલે, ગુરુદેવનું -
સ્વાસ્થ્ય સારું ના હોય, ગુરુદેવની ઉંમર મોટી-
ને એવા ટાઈમે કહાય એવા MIDDLE-
CLASS AREA માંથી ખાખરા મંગાવવા પડે ને
એ વહોરી ને બગારે ગુરુદેવ ને આપવા પડે.

જેટલી શોધાઈ કરશો એટલું
ગુણવત્તા નું સ્તર ઓછુ ને ઓછુ મળશે,
આપણે બનાવીએ તો કેવું બનાવીએ, એ-
લોકો બનાવે તો કેવું બનાવે, આપણે પીર-
સીએ કેવું પીરસાય, એ લોકો પીરસે-
કેવું પીરસાય ? આપણે વિણીએ કેવું-
વિણાય ? એ લોકો વિણે કેવું વિણાય ?
એક એક આઈટમ ની અંદર પચાસ- સો-
કંથવા- ધુવડા, કીડી - મકોડા વગેરે કોઈ પણ
નાના-મોટા જીવો, ની વિરાધના થઈ હોય,
હું તમને પુછુ, આપણે એને આયંબિલ-
માનવા તૈયાર ખરા ?

STAFF આવી ગયો બનાવવા વાળા, - પીરસવા વાળા, સંઘ વ્યવસ્થા કરી છે, ટ્રસ્ટી- ઓ વ્યવસ્થા કરી છે, એ વાત જુદી છે. ક્યા બહેનો હોય (?) ક્યા ઘરના હોય (?) ક્યાંથી આવતા હોય (?) કેવા એમના ભાવો- હોય (?) પાળતા હોય કે ન પાળતા હોય (?) પાળતા ન હોય તો એ કહે પાળીએ છીએ. સામાન્ય બુધ્ધિ તમારી આનો શું જવાબ આપે છે. એ ભાવથી પીરસશે, લાગણીથી પીરસશે, શ્રાધ્ધ ગુણ વિવરણ ગ્રંથ કહે છે,

શુચિભિર્ભુક્તવદ્ભિશ્ચ

જે પવિત્ર હોય એમના જ હાથે પીરસેલું લેવાય. જે જમી ચુક્યા હોય, જેમનું જમવાનું બાકી હોય. દ્રવ્ય ભાવ બને વાત કરી. એ પોતે થાકેલા છે, પાકેલા છે, ભુખ્યા છે, તરસ્યા - છે, તમને પીરસ્યા જ કરે, પીરસ્યા જ કરે, એમના હાથે વપરાય જ નહિ. વળી બધી શાસ્ત્રો કોના હાથનું બનાવેલુ વાપરવું, કોના- હાથનું પીરસેલું વાપરવું, આપણે ત્યાં એ પ્રથા, મને યાદ છે, અમે નાના હતા ને,

જેમણે એમ ભેગા હોઈએ, પિતાજી મહારાજની એક બહુ જ આમ કાળજી કહો, એમને નાના જમને થોડું ચીકાશ જેવું લાગે. આગળ-પેસેજ હોય, પેસેજ આગળ બાથરૂમ હોય, ત્યાં કપડા- વાસણ વગેરે નું કામ કરવા માટે બહારથી બાઈ આવે, એને જમાડીએ પણ- ખરા, એવું નહિ કે એના પ્રત્યેની અસદ્‌ભાવ- પણ એક બહુ ચીવટ કે એની નજર ના- પડવી જોઈએ. અને આ કોઈ અસદ્‌ભાવ- ન હતો. આ કોઈ તિરસ્કારનો ભાવ પણ- ન હતો, પણ આ એક સહજ આપણી, - સામાજીક, સાંસ્કૃતિક, સભ્યતા ની વ્યવસ્થા- હતી. કે ભોઈઆ જમવું એ બહુ જ પવિત્ર ક્રિયા છે, જેના આધારે આપણા મનની- પવિત્રતા સાચવવાની છે. અને કોઈ એવી વ્યક્તિ જેનો ભાવ એવો નથી, જેની CAST એવી નથી, જેનુ પુવહળ એવું નથી, જેની નજર પણ પડે તો આપણું ભોજન અપવિત્ર થઈ જાય, હું આ BASE ની વાત કરું છું, સામા- જીક સભ્યતાની વાત કરું છું. કે ભાઈ જેની તેની

નજર પડે, એવી રીતે ભોજન રજાય નહિ, અને એવી રીતે ભોજન કરાય નહિ. આટલી વાત સમજાય છે તમને ? (;) આપણી આજની વ્યવસ્થા (;) હું કહું છું, ત્રણસો ઓળી સંઘની અંદર થાય ને, કેમ એવું ના થાય સામે નવસો જણ પીરસતા-હોય, તમને શુદ્ધ મળે એટલા માટે જ નહિ. જ્યારે તમે ભાવથી પીરસો છો ત્યારે તમને-આયંબિલ ન હોવા છતા, આયંબિલનો લાભ મળે છે. ભુલ અમારી છે અમે તમને શીખવાડતા નથી. આયંબિલ કરવા.. કરવા.. કરવા.. ઓળી-કરવી.. કરવી.. કરવી.. અમે કેટલો ભાર મુક્યો એની હમણાં ભોગનો પણ ભાર, કે ભાઈ તમે આયંબિલ કરો, આ હજુ તમારી વ્યક્તિગત આરાધના છે, તમે સંઘને પીરસો, કદાચ-પાંચસો જણને તમે પીરસ્યું છે, આજે પાંચસો આયંબિલનો તમને લાભ મળે.

જિંદગીમાં ફરી ફરીને તમે કેટલા આયંબિલ કરશો, બધા કરી પણ શકતા નથી, કરી પણ શકો, સંઘ પ્રત્યેનો અહોભાવ નથી,

બહુમાન ભાવ નથી, લાગણી નથી, FEELINGS -
નથી, પચ્ચીસ મી તીર્થંકર ને એને પીરસવાનો
લાભ આજે મને મળી રહ્યો છે. ઉત્કૃષ્ટ -
તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન થઈ શકે, એવા
પુણ્યનો યોગ આ ગણતરીની મિનિટો ની અંદર
મને મળી રહ્યો છે. આવી FEELINGS નથી -
ભાવ નથી, હું તમને કહું છું કે તમે આયંબિલ
કરી પણ લીધું, તમે લાખના સાડા બાર -
હજાર કર્યા છે. તમે લાખના સાડા બારસો રૂપિયા
કરી દીધા છે. એ તમને સંઘ માટે FEELINGS
નથી, સમ્યગ્ દર્શન એનું સીધું પરિણામ છે,
સંઘમાટેની FEELINGS અને આત્મીયતા ને
અહોભાવ નો ભાવ! સમ્યગ્ દર્શન નથી,
તો બધા આયંબિલો, બધા ઉપવાસો, બધી -
અટ્ઠાઈઓ, બધા માસક્ષમણો, બધી સામાયિકો,
બધા પ્રતિક્રમણો, બધી જ આરાધનાઓ,
એકડા વગરના મીંડા બરાબર છે. ગંભીરતાથી
વિચાર કરજો, લાખના કરોડ થઈ શકે છે,
લાખના સો કરોડ, હજાર કરોડ થઈ શકે છે,
દસ હજાર કરોડ થઈ શકે છે, લાખના બાર-

ઈશ્વર, બારસો ને બાર પૈસા પણ થઈ શકે છે
આપણે શું કરવું એ આપણે નક્કી કરવાનું છે.
સંકલ્પ કરો, આયંબિલ તો કરીશ, અને કદાચ-
એવી અનુકૂળતા ન હોય, આયંબિલ કદાચ-
કરું કે ન પણ કરું, પીરસવા તો હું આવીશ..
આવીશ.. ને આવીશ! કદાચ મારી ઉંમર છે,
થાળી પકડવી હાથ મારો ધ્રુજતો હોય, દ્રવ્ય-
કદાચ ઢોળાય, કદાચ મારા શરીરની એવી-
સ્થિતિ નથી કે હું ચાલીને પીરસી શકું,
ખુરશી નાખીને રસોડામાં બેસી જઈશ, ખુરશી
નાખી ને COUNTER ઉપર બેસી જઈશ, ખુરશી
નાખીને વચ્ચે વચ્ચે બેસી જઈશ. અને પીરસ-
નારાઓ નું કદાચ ધ્યાન ન હોય, જ્યાં જોવે-
છે, તો એમને કહીશ કે ભાઈ, અહીંયા આપશો
જરા આ દ્રવ્ય!

સંઘની સેવા, સંઘની અંદર પણ
જે ઉચ્ચ આરાધકો, આયંબિલ ના તપસ્વીઓ,
એમની સેવાની બબલુટ જેને લુંટ કહી શકાય,
જેની એક લ્હાણી કહી શકાય.

પુણ્યની ઉત્પત્તિ કહી શકાય. સૌભાગ્ય ને જાગવાની ઘટના કહી શકાય, એ ઘટના - શાશ્વતી ઓળીના નવ દિવસની અંદર આપણને મળી શકે એમ છે. બની શકે એવા કોઈ કર્મના - ઉદયો, એવા કોઈ પાપોના ઉદયો, જેનાથી - આપણા ઘરે રોગ આવવાના હોય, સંકટ - આવવાનું હોય, અકસ્માત આવવાનો હોય, આર્થિક નુકશાની આવવાની હોય, ગૃહ ક્લેશ - આવવાનો હોય, સંઘર્ષ આવવાની હોય, - TENSION આવવાનું હોય, એ આ નવ દિવસના ઉછળતા ભાવે કરેલી સંઘની ભક્તિ, જેનાથી એ પાપો ઉદયમાં આવતા પહેલા ધોવાઈ જાય. આપણો આત્મા સુખી બને, આ ભવમાં સુખી, પરભવમાં સદ્ગતિ, અલ્પ સમયની અંદર મોક્ષ, આ લાભ, આ સંઘ ભક્તિ દ્વારા આપણે ખાટી - શકીએ એમ છીએ, દરેક જણ સંકલ્પ કરે, ATLEAST દસ જણને આ ઓળીમાં પીરસવાની હું પ્રેરણા કરીશ, પીરસવામાં જોડીશ, જેટલું - મારું શરીર ચાલે, જેટલા સમયની અનુકૂળતા હોય, હું અહીંયા વીણવામાં, બનાવવામાં, અને

08.10.2021

પીરસવાની અંદર પડાપડી કરીને લાભ લઈશું. આવો સંકલ્પ સૌ કરીએ. આજે સમય થયો છે. આજે આટલું રાખીએ.

( । 09.10.2021

# FEELINGS | જિનશાસન - ૧૮

બત્રીસ વર્ષ નો એક યુવાન મારી પાસે આવ્યો, મને વાત કરી કે મારો દીકરો છે, પાઠશાળા-મય, સંસ્કાર મેળવે, એનું જીવન ઊંચું આવે, એવો મારો ભાવ છે ને પાઠશાળા એને હું-મોકલું, પણ પાઠશાળામાં જઈને એ કહે છે કે મને મારી GIFT આપી દો, મને ગાથા-સાથે કાંઈ લેવા દેવા નથી.

ગાથા- ધર્મ- સંસ્કાર- આત્મીક લાભ, સદ્ગતિ, મોક્ષ આ બધું દીકરાના-શબ્દકોષ માં છે નહિ. દીકરાની સીધી સટ-ને ચોક્ખી ને ચટ વાત છે, મને મારી GIFT આપી દો, હું એના માટે આવ્યો-છું, પછી હું રવાના થાઉં, તમારું બધુ તમને મુબારક.

જો ઊંડાણથી વિચાર કરીએ તો કદાચ આપણને લાગે કે આપણે હજુ બાળક જ છીએ, ને એ બાળક જેવા જ છીએ. દરેક વસ્તુમાં એક એક આરાધના પણ હોય, એક-

એક ધર્મ ક્ષેત્ર પણ હોય, એક એક ધર્મનું વિશિષ્ટ અનુષ્ઠાન પણ હોય, જરૂ ઊંડાણથી વિચારીએ તો બધામાં આપણી પોલ ઝુલતી હોય છે.

હું પૂજા કરી આવુ, બીજું - દહેરાસર, વ્યવસ્થા, સેવા, ક્યાંક મારું યોગદાન, ક્યાંક મારી સમયની ભોગ, આ બધું - આપણા શબ્દ કોષમાં આવતું નથી. હું શત્રુંજયની યાત્રા કરી આવુ, તીર્થ ખાડામાં - જાય, તીર્થનું જે થવું હોય એ થાય, મને કાંઈ લેવા દેવા નહિ. બસ હું મારી - યાત્રા કરી લઉં, તીર્થની વાત હોય, સાથે - સાથે સમાંતર - સમાંતર આપણી કોઈ પોલ ઝુલતી હોય છે. અનુપ મંડળની વાત હોય આપણી કોઈ પોલ ઝુલતી હોય છે. ઉપધાન - નવ્વાણું, છ'રી પાલિત યાત્રા, કે એવું કોઈ - અનુષ્ઠાન હોય, આપણી સમાંતર કોઈ પોલ ઝુલતી હોય છે. શાશ્વતી ઓળીના દિવસો આવે, હું કહું છું ઓળી પણ કરીએ,

આયંબિલ પણ કરીએ, આપણને આનંદ પણ હોય કે સંઘની અંદર, સૈકડો ની સંખ્યામાં- ઓળીઓ થઈ, ચૌદસે નો આટલા આયંબિલ થઈ ગયા, બહુ ઉંડાણથી વિચાર કરીએ, આરાધના ને પોલ બને સમાંતર.. સમાંતર ચાલતા હોય છે.

પહેલા નંબરમાં આપણને- શેઠાઈ નડે છે, આપણે આપણી રીતે- આવ્યા, આપણું આયંબિલ કરીને રવાના- થયા, બીજું કશું લાગે વળગે નહિ. બીજા નંબરની અંદર, શ્રેષ્ઠાઈ નડતી હોય છે, શ્રેષ્ઠાઈ નો અર્થ છે SEVEN STAR આયંબિલ અમદાવાદ ના એક બહુ જુના સંઘની અંદર, અમારી સ્થિરતા હતી, પાણી વહોરવા હું- ગયો હતો. પાણી વહોરાવનાર ભાઈએ મને સહજ વાત કરી, કે સાહેબ, હું અહિંયા- ચાલીસ વર્ષથી કામ કરું છું. અને હું જ્યારે કામ કરવા આવ્યો ત્યારે શરૂઆતમાં, આયં- બિલો થતા, નવપદની ઓળીઓ પણ થતી,

પણ નવપદની ઓળીની અંદર પણ, ત્રણ-ચાર દ્રવ્યો બનતા, આજે ચાલીસ, પચાસ-પંચાવન દ્રવ્યો બને છે, સાહેબ કે બગાડ-થાય છે, જે રીતે હું નજર સામે જોઉં છું, વ્યય થાય છે, સાહેબ પહેલા આવુ કશું ન-હતું.

મેં પુછ્યું પણ નથી, પણ એ ઉપાશ્રયની, આયંબિલ ખાતાનો માણસ, એ સમજે છે, જે શાસ્ત્ર ભણ્યો નથી, કોઈ વ્યાખ્યાનો સાંભળ્યા નથી, જે ધર્મ સમજ્યો-નથી, એને પણ આટલી BASIC - COMMON SENSE થી સમજાય છે કે, જો ત્રણ-ચાર દ્રવ્ય જ બરાબર હતા, આપણા જ વડવાઓ કરતા, એ કોઈ બહુ મોટી-અઘરી સાધના ના કહેવાય. આટલા બધા દ્રવ્યો ના હોય ને આટલા બધા દ્રવ્યો બને, તો એને બનાવવા માટે, એની વ્યવસ્થા-એનું પાછળનું બધું, એમાં બગાડ, એની WASTAGE, એ પછી પાછળનું દ્રવ્ય કોણ જોવે છે ?

પિસ્તાલીસ.. પચાસ ગ્રેવ્ય બનાવ્યા પછી પણ આપણી ફરીયાદ હોય છે. જેને બહુ ઉંચા-માં ઉચું એઈમ છે, જેની અપેક્ષા બહુ ઉંચી છે, એને એવું કર્મ બંધાય કે એને હલકા માં-હલકું મળે.

દુનિયામાં એક PRINCIPLE-દુમણાં વહેની ચર્ચા છે, THE SECRET નામની બુક નીકળી, સાવ લવારા જેવી વાતો એની અંદર છે કે તમે જે વિચારો બસ આ મને મળે.. મળે.. મળે.. મળે.. મળે.. મળે.. ને લાખોમાં કોઈ એક ને મળે ને એના-દાખલા ઉપર FILM બને ને એ દાખલાઓ-ને બહુ ઉજાગર કરાય, ફેલાવાય. બીજા કરોડો દોડે બિચારા.

શાસ્ત્રો સાફ કહે છે. કે આ

"આર્તધ્યાન છે.!"

ઈષ્ટ સંયોગ મને થાય એ ચાર પ્રકારના -
આર્તધ્યાન નો એક પ્રકાર છે. અને એ -
આર્ત ધ્યાનથી એવું કર્મ બંધાય, ને એ કર્મ
બંધાય એનાથી તમારો આત્મા દુઃખી જ -
થવાનો છે. તમે ભુલી જાવ કે ઈષ્ટ નું -
વિચારતા વિચારતા તમને ઈષ્ટનો સંયોગ થઈ
જશે. જો એ જ ઈષ્ટ ના સંયોગ નું કારણ -
હોય તો આખી દુનિયાને ઈષ્ટનો સંયોગ -
થઈ જાય, કારણકે આખી દુનિયા ઈષ્ટના -
સંયોગનું ધ્યાન તો કર્યા જ કરતી હોય છે.

આપણને શેઠાઈ નડે છે!

આપણને શ્રેષ્ઠાઈ નડે છે!

ત્રીજા નંબરની અંદર,

આપણને શુષ્કાઈ નડે છે!

શુષ્કાઈ એટલે લુખ્ખા - સુક્કા આપણા વ્યવહાર.

ક્યારેક એવું બને પચાસ-સો-દોઢસો-બસો
મહાત્માઓ ભેગા થયા હોય, એક ઉપાશ્રયની
અંદર અમે બસો-બસો મહાત્માઓ હોઈએ,
ભાવો હેલે ચડ્યા હોય, હૈયા હેલે ચડ્યા-
હોય, NORMAL જીવન, મહાત્મા ગોચરી-
જાય છે, પાણી જાય છે, બીજું કંઈ પણ કરે-
છે. પડિલેહણ કરે છે, અને જે ભાવ ઉછળે
બસો સાધુઓની ગોચરી માંડલી બેઠી હોય,
અને એવા એવા મહાત્માઓ હોય, દિવસમાં
ત્રણ વાર, ચાર વાર, પાંચ વાર, એક ટંક-
પાંચ-પાંચ.. સાત-સાત વાર ગોચરી જાય,
એવા મહાત્મા હોય, એકાસણા-આયંબિલનું
પચ્ચક્ખાણ પાર્યું ન હોય, દોઢ-બે-અઢી-
વાગ્યા સુધી સેવા કરે ને પછી એમને પરાણે
કહેવું પડે કે હવે તમે વાપરવા બેસી-
જાવ, તમે ઘણું બધું કર્યું છે. મહાત્માનું
મન ન માને કે આ માહોલ, ફરી ક્યાંથી-
મળવાનો. વાપર-વાપર કરીએ જ છીએ,
આખી જિંદગી, પણ આ ભક્તિ ક્યાં મળશે?
આ મહાત્માની સંવેદનાઓ હોય.

હું તમને કહુ સો.. બસો.. ત્રણસો...
ચારસો.. પાંચસો નવપદના તપસ્વીઓ,
જે ઓળી કરતા હોય, સંઘની અંદર પધાર્યા
હોય, એ બધા પોતે આયંબિલ કરવા બેઠા-
હોય, અને આપણા હૈયા હિલોળે ના ચડે,
તો કદાચ આ આપણા, દુર્લભ્ય પણાની-
દીર્ઘ સંસારી પણાની નિશાની છે. મારી વાત
સમજાય છે કે

લોગ વસ્તુ છોડો, તાંબાનું
સોનું થઈ જશે, લોખંડનું પારસમણિ થઈ
જશે,

## આત્મા ના પરમાત્મા થઈ જશે !

શેઠાઈ છોડો, શેઠાઈ છોડો, ~~શરમ~~ શરમ-
આવવી જોઈએ, ભક્તિ કરવા વાળા કરે એ
એમનો વિષય છે, આપણને એમ થઈ જાય
કે, આટલી બધી આપણી જરૂરિયાતો છે,
આટલા બધા આપણા નખરા છે. આટલા-

બધા શાખો છે, આટલા બધા આપણા
ધારા- ધોરણ આયંબિલ આને જ કહેવાય.
આયંબિલ ખાતુ આને જ કહેવાય. એક-
દિવસ પ્રયોગ કર્યો હોય ને આયંબિલ ચા-
ચાર જ દ્રવ્ય હોય. સાધુ બોલી આત્ર તમારી
ચર્ચા શું હોય ? સો.. સો.. બસ્સો.. બસ્સો..
ત્રણસો.. ત્રણસો ઓળી કરનારા મહાત્માઓ,
આયંબિલ ખાતાને આધારે ઓળીઓ કરતા-
નથી હોતા, અને આયંબિલ ખાતાને આધારે
સો ઓળી કદી પુરી થાય જ નહિ. સંયમ-
ભુવન છે. વિહારી હોય, ક્યારે ક્યાં ક્ષેત્રોમાં
હોઈએ, અજૈન ગામડા હોય, જૈનો માં પણ
બધે આયંબિલ ખાતા ન હોય, અને મહાત્મા
માત્ર ને માત્ર રોટલા ને પાણીથી, રોટલી ને-
પાણીથી, ઓસામણ ને ખાખરાથી, માત્ર ચણા-
થી, માત્ર મમરાથી, માત્ર લોટ અને પાણીથી-
આ રીતે પણ આયંબિલો કરીને સો ઓળીએ
પહોંચતા હોય છે.

ધીઠાઈ, ધોખ્ખાઈ, અને ધુખ્ખાઈ,

૦૭·10·૨૦૨૧

ત્યાગ કાઢી દો. બની શકે એક આયંબિલમાં એક ઓળીનું પુણ્ય મળે, એક આયંબિલમાં પચાસ ઓળીનું પુણ્ય મળે, બની શકે એક-આયંબિલમાં સો ઓળીનું પુણ્ય મળે, ભગવાન કહે છે કે,

એક નવકારશીમાં કેવળજ્ઞાન આપવાની તાકાત છે.

આ બધી બહુ ઓછી વાત છે, ઘરે માંથી - બહાર નીકળીએ, રીવાજ માંથી બહાર નીકળીએ, અનાજ વીણવા માટે, રસોઈ બનાવવા માટે, તપસ્વીઓને પીરસવા માટે, ભીના હૈયે અનુમોદના કરવા માટે, સજ્જના કેળવીએ, આ ઓળી-ખરેખર આપણા જીવનની શ્રેષ્ઠ ઓળી બની રહેશે. આજે સમય થયો છે, જારે આટલું રાખીએ.

11.10.2021

# FEELINGS જિનશાસન - ૧૯

FACTORY છે, FACTORY ની અંદર માલિકે વિદેશથી મોટા ભાગકારો બોલાવ્યા છે. એક LECTURE ના ૨૫-૫૦ હજાર રૂપિયા લઈ લે-એવા ભાઈ, WORKERS, LABOURS બધાની આગળ PRODUCTION SKILLS સમજાવી-રહ્યા છે.

તમે આવી રીતે કરશો તો-PRODUCTION POWER આટલા ટકા વધી-જશે, આવી રીતે કરશો તો આટલા ટકા-વધી જશે, આવી રીતે કરશો આટલા ટકા-વધી જશે, આવી રીતે કરશો આટલા ટકા-વધી જશે, વગેરે.. વગેરે.. વગેરે.. વગેરે.. કલાક.. દોઢ કલાક.. પોણા બે કલાક.. બે કલાક.. અઢી કલાક સુધી.. જબરજસ્ત પદાર્થો એણે પીરસ્યા, ઘણા બધા RESEARCH-પછી, ઘણી બધી SKILLS, જે એમણે શોધી કાઢી, એ બધી જ બતાડી, આ કર્યા પછી તમારી FACTORY ની PRODUCTION POWER આટલી વધી જશે.

SPEAKER સતત નિરીક્ષણ કરતા હતા, કે એ બધા કંઈક મુંઝવણમાં, અકળામણમાં, પ્રશ્નોમાં બધા અટવાઈ રહ્યા છે, બધાના-ચહેરા પર કાંઈક, અવ્યક્ત, કોઈક પ્રશ્ન ઝળકી રહ્યો છે. અડધી કલાક પછી [redacted] વ્યક્તવ્ય પુરુ કર્યા પછી, એમણે પુછ્યું કે ભાઈ-કોઈને કાંઈ પુછવું હોય તો પુછો. એ કામગારોની બહાર છગન પણ હતો, અને છગને ઊભા થઈને બધા વતી પ્રશ્ન કર્યો, કે તમે કહો છો એ બધુ અમે કરીએ પછી, અમારો પગાર વધશે નહિ ?

જેમ જેવું તમારું RESEARCH હોય, જેમ જેવી SKILLS હોય, જેમ જેટલી PRODUCTION POWER વધી જાય, તમારું શું થવાનું છે એ જોવો.

પ્રશ્ન આપણો એવો હોય છે કે તમે કહો ધર્મ, તમે કહો સંઘની સેવા, તમે કહો શાસનની સેવા, તમે કહો -

આયંબિલ ની ઓળીમાં આમ કરવું.. આમ-
કરવું.. આમ કરવું.. આમ નો અમારા-
રસની એવો બધો વિષય નથી, રસ નો-
વિષય હોત તો અમે વીણતા હોત, બનાવતા-
હોત ને પીરસતા એ હોત. કીચનમાં, અમેતો
જે કરીએ છીએ એ જ માનીએ છીએ,
લગભગ એ જ કરવાના છીએ. પણ છતાં,
કંઈક વિશેષ મળતું હોય, એવો કોઈ મોટો
લાભ થતો હોય, તો જરૂર વિચારીએ.

શાસ્ત્ર દ્રષ્ટિએ શાશ્વતી ઓળીમાં
આયંબિલ ને ભણતા ત્રણ મુખ્ય લાભ, જે તમને
કદાચ લાભ લાગે કે ન લાગે, એ લાભના-
નવ-નવ લાભ એની વાત મારે આજે તમને
કરવી છે. લાગણી સાથે મે અનાજ વીણવામાં
આવી, તો આત્માને નવ લાભ થાય છે.

* શાતા વેદનીય પુણ્ય નું ઉપાર્જન !
* આરોગ્ય ની પ્રાપ્તિ !
* અકસ્માત થવાની હોય એ ટળી જાય !

★ દવા, ડોક્ટર, હોસ્પિટલ ના ખર્ચા ટળે.
★ ચિંતા અને તનાવથી મુક્તિ થાય.
★ કુદરતી આફતો ભુકંપ જેવી, એનાથી બચાવ થાય.
★ સુદ્રઢ શરીરની પ્રાપ્તિ થાય.
★ દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ થાય. અને,
★ સુંદર રૂપ ની પ્રાપ્તિ થાય.

दीर्घमायुः परं रूप - मारोग्यं श्लाघनीयता

વગેરે વગેરે.. આ અનાજ વીણવાના ફળો છે.

પણ- અડધો કલાકનો પણ સમય આપણી પાસે અનાજ વીણવાનો હોતો નથી. અને માટે જ આપણે નિદાન કેન્દ્રોમાં, દવાખાનાઓમાં, હોસ્પિટલમાં કલાકોના સમય કાળવતા હોઈએ છીએ.

★ ખુબ હેરાન થવા તૈયાર છે,
★ ICUમાં ભરતી થવા તૈયાર છે,
★ રીબાઈ-રીબાઈ ને મરવા તૈયાર છે,
★ દવા પાછળ પૈસાનું પાણી કરવા તૈયાર છે,

પણ ખુબ અને આવો કોઈ યોગ, એનો - CHANCE, અનાજ વીણવું, આમાં કોઈ સમય

સફળ થતો હોય, આમાં કાંઈ પામવાનું હોય, આમાં લાભ મોટો થવાનો હોય, આવું એને કાંઈ લાગતું નથી. આ જીવની બહુ મોટી - કમનસીબી છે.

મહંત ની વાતોમાં, ગામના પંચાતમાં કલાકો વિતી જાય એનો વાંધો નહિં, કોને મંગાકરવામાં, મચડવામાં, ગમે તેટલા કલાકો વિતે વાંધો નહિં. આવું કાંઈ આવે, તો એમે એના કામો યાદ આવે છે. એની વ્યસ્તતા યાદ આવે છે. આ અંદરમાં પડેલી એ યોગ પ્રત્યેની - અરૂચિ છે. એ અરૂચિના મુળમાં, એ

યોગના મહિમા નું અજ્ઞાન હોય છે!

જે ઉછળતા ભાવે, તપસ્વીઓ માટે રસોઈ બનાવે, એમને નવ લાભો થાય છે.

★ આભિયોગિક કર્મનો ઉદય થાય!

બીજા પાસે સેવા કરાવવી એનાથી આભિયોગિક કર્મ બંધાય.

સંઘની સેવા કરવી, એનાથી આભિયોગિક કર્મ-
ની જય થાય, જેનાથી આ ભવે કે પર ભવે,
કદી દાસ, દાસી, ગુલામ, સેવક, નોકર -
અથવા એવા કોઈ પણ જેમને હુળમાં જોડવા-
માં આવે, જીજે જોડવામાં આવે, ઊંટ, -
ખચ્ચર, પાડો, બળદ, વગેરે ના ભવો, એ
કદી કરવા ન પડે.

સૌભાગ્ય પુણ્યનું ઉપાર્જન થાય !
★ યશ પુણ્ય ઉપાર્જિત થાય !
★ કોઈ ભવે ભુખ્યા ન રહેવું પડે !
★ વિપત્તિ - સંપત્તિ બને !
★ ભવોભવ મહા શ્રીમંતાઈ મળે !
★ સમ્યગ્ દર્શન વિશુદ્ધ બને !
★ શાસન પ્રભાવનાનું નિમિત્ત બને ! બને
★ શીઘ્ર અણાહારી પદની પ્રાપ્તિ થાય !

સંઘના સભ્યો માટે, શાશ્વતી
ઓળી વગેરે ના અવસરે, જે ઉલ્લાસથી
રસોઈ બનાવવી, શાકભાજી વગવી, રસોડામાં-

ક્યાંય પણ, કોઈ પણ વાનગી બનાવવામાં - મદદ રૂપ થવું, આ બે કરી શકે, એને આ નવ લાભો મળે છે.

ઉછળતા ભાવે સંઘને પીરસવાના - નવ લાભો છે.

## ★ તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન !

વીસ સ્થાનકમાં એક સ્થાન સંઘ પણ બનાવ્યું છે. વીસ સ્થાનક ની ઓળીઓ કરનાર, ઉપવાસ અને એકાસણું કરનારા, તેઓ એક વસ્તુ. ભુલી જાય છે કે આપણે ખુબ્બો તપ કરશું તો તીર્થંકર નામ કર્મ નથી બંધાવાનું. એ પદની આરાધના રૂપે તપ છે ને એ તપ એના માટે છે કે એ તપની આરાધના વધારે વિશુધ્ધ - થઈ શકે. તમે દસ વાર ખાના હશો તો તમે સંઘની સેવા કઈ રીતે કરી શકો. તમે - ઉપવાસ કરો, વીસ સ્થાનક ની ઓળીઓ કરો, સંઘની સેવા માટે તમારો સમય વધારે બચે,

ઉછળતા ભાવે સંઘની સેવા કરો, ત્યાં-
ત્યારો એ ઉપવાસ શુદ્ધ થાય છે. શ્રુત-
પદ હોય, જ્ઞાન પદ હોય, તમે એના-
આયંબિલ- ઉપવાસ કરી લો ને પછી ભોજા-
દિ ભેતા રહો, T.V. જોતા રહો, કદાચ આ
ઉપવાસ માટે શું કહેવું, એવો વિચાર જ્ઞાની-
ઓને આવશે, કે તમારા માટે કયા શબ્દો-
વાપરવા !

વીસ સ્થાનક ની ઓળી, ઉપવાસ,
આયંબિલ, એકાસણા, વગેરે ની કદાચ કોઈની
શક્તિ જ નથી, ન જ કરી શકે, પણ ઉછળતા-
ભાવે, તે તે પદની સંઘની સેવા વગેરે-
સ્વરૂપ આરાધના જે કરે, એને તીર્થંકર-
નામ કર્મ બંધાય શકે, પણ સંઘ પદની તેતે
ઉપેક્ષા સાથે કે સેવાની અવગણના સાથે,
કેઓ ઉપવાસ કરે કે ચોવિયાર ઉપવાસ કરે,
ગમે તેટલી વીસ સ્થાનકની ઓળીઓ કરે,
જો એ પદની તાત્વિક આરાધના નથી, તો
તપ માત્રથી વીસ સ્થાનક સફળ થતા નથી.

ઉલ્લાસથી સંઘને પીરસવાનો પહેલો લાભ,
તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન ! નંબર બે,

★ દુર્ગતિનો કાયમ માટે ઉચ્છેદ !

નંબર ત્રણ,

★ તીવ્ર બુદ્ધિ, મેધા, ધારણા શક્તિ !

નંબર ચાર,

★ અત્યંત લોકપ્રિયતા !

નંબર પાંચ,

★ જ્યાં હાથ નાખે ત્યાં સફળતા !

નંબર ૬,

★ વિઘ્ન વિનાશ !

નંબર સાત,

★ પારિવારિક સુખ શાંતિ !

નંબર આઠ,

★ જેટલા તપસ્વીઓને પીરસો, એટલા આયંબિલ-
નો લાભ!

નંબર નવ,

★ પરમ ચિત્ત પ્રસન્નતા !

જે સુખ માટે ફાંફા માર્યા કરે છે, દુ:ખથી ડરતો ભાગ્યા કરે છે, દુ:ખ આવી-ગયું છે એને દૂર કરવા માટે, ટાળવા માટે, ઉધામા કર્યા કરે છે. પણ સુખના જે સરળ સ્રોતો, અને ઉત્કૃષ્ટ સ્રોતો, આપણને-હાથ વગા હોય છે, એના પ્રત્યે આપણને ઉપાદેય બુદ્ધિ જાગતી નથી !

હોય અમારો છે. અમે તમને આયંબિલના-
જેટલા ઉપદેશો આપ્યા છે. એટલા આયંબિલ-
માં પીરસવાના, સંઘની સેવાના, ઉછળતા-
ભાવે ભક્તિ કરવાના એ ઉપદેશો આપ્યા-
નથી. ચીગવા, રસોઈ બનાવવા અને પીરસવા-
આ ત્રણ વાત મેં કરી. ચોથા નંબરની વાત
બાકી છે, કરવી નથી પણ ઉલ્લેખ કરી દઉં,
એ છે,

## તપસ્વીઓએ જમેલા વાસણો ઊટકવા!

આ ત્રણ કરતા પણ ભય એવી
વાત છે આજે નથી કરવી. હું કહું છું ત્રણ-
માં આવો, આગળ ની વાત આગળ. થોડા-
ઝુકો, થોડા નમ્ર બનો, સેવક બનો, સંઘ-
માલિક લાગે, રાજા લાગે, રાજાધિરાજ લાગે,
તમારા ઘરે PM પધાર્યા હોય, જે રીતે-
એમની ભક્તિ કરો એના કરતા કંઈગણા ગણા
વધારે ભાવે, સંઘની ભક્તિ કરવામાં આવે,
બરોબર આવી સહજ પરિણતિ નથી તો આપણે

કશું જ સમજ્યા નથી. હજુ C.M. સમજ્યા-છીએ, હજુ P.M. સમજ્યા છીએ, હજુ-જમાઈ સમજ્યા છીએ, હજુ દીકરી- દીકરી-સમજ્યા છીએ, હજુ ધંધાના કોઈ શેઠ,-CLIENT, ઘરાક, આ બધુ આપણને સમજાય છે. સંઘ હજુ આપણે સમજ્યા નથી, સંઘ-શું છે ખબર નથી. તીર્થંકરોને વંદનીય સંઘ, તીર્થંકરો જેમને હાથ જોડીને, માથુ નમાવીને, પ્રણામ કરે એવો સંઘ, એ સંઘની સેવાનો અવસર, એ અવસરે આપણો ઉદાસીનતા, આના કરતા વધારે આપણું ઘોર અજ્ઞાન, બીજું ક્યું હોય શકે ?

## ગંભીરતાથી વિચારજો !

પડાપડી કરજો, હૂંસાતુસી કરજો, આખા ઘરને, અડોશ પડોશને, સગા-વાહલા-પરિચિતો, મિત્રોને, આ જ્ઞાન આપજો, અને સંઘની તહેનાતમાં નવ દિવસ, આ ખડે-પગે ઉભા રહી જજો, જેટલા જણને પીરસજો,

જેટલા આયંબિલનો લાભ મળશે, જેટલા જણની રસોઈ બનાવશો, જેટલા આયંબિલનો લાભ- મળશે. અનાજ માંથી જેટલી જીવાતોની જયણા- કરશો, સમજી લો, એક એક જીવાતોની મળેલી દુવાઓ, એ જીવદયાની પરિણતિ, એનાથી રોગ- અકસ્માત વગેરેથી મુક્તિ મળશે! ગંભીરતાથી વિચારીને અમલ કરજો. આજે- સમય થયો છે, આજે આટલું રાખીએ!